सत्यमेव जयते

# પરિચય પુસ્તિકા

## માલ અને સેવા પરનો વેરો

### (ગુડ્ઝ અને સર્વીસીઝ ટેક્ષ (GST))

**૦૬, ઓક્ટોબર ૨૦૧૭.**

# આ પુસ્તિકા માં સમાવેશ કરેલ બાબતો

**૧. માલ અને સેવા કર (ગુડ્ઝ એન્ડ સર્વિસીઝ ટેક્સ) ની પ્રાથમિક માહિતી**

- ગુડ્ઝ એન્ડ સર્વિસીઝ ટેક્સ (જી.એસ.ટી.)નો અર્થ
- જી.એસ.ટી.માં સમાવિષ્ટ પરોક્ષ વેરાઓ
- જી.એસ.ટી.ની કર-પ્રણાલીની બહાર રહેનાર ચીજ-વસ્તુઓ
- આપણા દેશ માટે જી.એસ.ટી.ની કેવી ડીઝાઇન વિચારવામાં આવી છે?

**૨. બંધારણીય સુધારા**

- બંધારણીય સુધારા માટેનાં કારણો
- બંધારણીય સુધારાથી જી.એસ.ટી. લાદવાની મળેલ સત્તા

**3. ગુડ્ઝ એન્ડ સર્વિસીઝ ટેક્સ નેટવર્ક**

- જી.એસ.ટી.એન.ની ભૂમિકા
- જી.એસ.ટી.એન.નાં કોમન પોર્ટલ વડે મળનાર સેવાઓ

**૪. ગુડ્ઝ એન્ડ સર્વિસીઝ ટેક્સની અગત્યની જોગવાઇઓ**

- માલ અને સેવાઓનાં આંતર-રાજ્ય સપ્લાય (વ્યવહારો) અંગેની સમજૂતિ

**૫. અન્ય મહત્વની કાયદાકીય જોગવાઇઓ**

- TDS
- રીફંડ
- અપીલ
- એડવાન્સ રૂલીંગ

**૬. ક્રોસ-એમ્પાવરમેન્ટ**

**૭. જી.એસ.પી. (જી.એસ.ટી.–સુવિધા પ્રોવાઈડર)ની વ્યવસ્થા**

**૮. ટેક્સ રીટર્ન પ્રિપેરર (TRP)**

## ૯. સુવિધા (સેવા) કેન્દ્રો / ફેસીલીટેશન સેન્ટરો

**The word tax is derived from the Latin word 'taxare' meaning 'to estimate'.**

**"Tax is not a voluntary payment or donation, but an enforced contribution, exacted pursuant to legislative authority" and is any contribution imposed by the government whether under the name of toll, tribute, impost, duty, custom, excise, subsidy, aid, supply, or other name." (Black's Law Dictionary)**

## ૧. માલ અને સેવા કર (ગુડ્ઝ એન્ડ સર્વિસીઝ ટેક્સ) ની પ્રાથમિક માહિતી:

### ૧.૧ ગુડ્ઝ એન્ડ સર્વિસીઝ ટેક્સ (જી.એસ.ટી.)નો અર્થ:

જી.એસ.ટી. એ માલ અને સેવાઓ બન્ને પર કેન્દ્ર અને રાજ્યો દ્વારા લેવામાં આવનાર નવી કર પ્રણાલી છે. અત્યાર સુધી કેન્દ્ર સરકાર દ્વારા માલનાં ઉત્પાદન ઉપર એક્સાઇઝ અને સેવાઓ ઉપર સર્વિસ ટેક્ષ વસૂલવામાં આવતો હતો. જ્યારે રાજ્યો દ્વારા માલનાં ખરીદ-વેચાણ ઉપર વેટ વસૂલવામાં આવતો હતો.

કેન્દ્રને માલનાં વેચાણો પર અને રાજ્યોને સેવા ઉપર વેરો લેવાનો અધિકાર ન હતો. જી.એસ.ટી. હેઠળ કેન્દ્ર અને રાજ્યને માલ અને સેવાની સપ્લાય ઉપર સમાંતર ધોરણે વેરો લેવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. આમ, જી.એસ.ટી. હેઠળ, અગાઉ ઉત્પાદન અને વેચાણ ઉપરના લેવાતા પરોક્ષ કરની જગ્યાએ સપ્લાય ઉપર લેવાની જોગવાઇ કરવામાં આવે છે.

જી.એસ.ટી. હેઠળ અત્રે આગળ દર્શાવ્યા મુજબનાં જુદા-જુદા પરોક્ષ વેરાની જગ્યાએ માત્ર એક જ વેરો કેન્દ્ર અને રાજ્ય દ્વારા વસૂલ કરવામાં આવશે. જી.એસ.ટી.માં ઉત્પાદન/આયાતથી શરૂ કરી માલ-સેવાનાં અંતિમ વપરાશ સુધીનાં દરેક તબક્કે વેરો લાગશે. સાથે-સાથે આગળનાં તબક્કામાં ભરવામાં આવેલ વેરાની ક્રેડીટ ઉપલબ્ધ થશે.

## ૧.૨ પાયા ની બાબતો



## ૧.૩ જી.એસ.ટી.માં સમાવિષ્ટ પરોક્ષ વેરાઓ:


હાલમાં કેન્દ્ર અને રાજ્ય દ્વારા વસૂલવામાં આવતાં નીચેના વેરાઓના સ્થાને જી.એસ.ટી. લેવામાં આવશે

| કેન્દ્ર દ્વારા લેવામાં આવતાં વેરાઓ | રાજ્ય દ્વારા લેવામાં આવતાં વેરાઓ |
|---|---|
| i. કેન્દ્રીય ઉત્પાદન શુલ્ક | i. મૂલ્ય વર્ધિત વેરો (વેટ) |
| ii. ઔષધિય અને ટોઇલેટ ચીજવસ્તુ પર લેવામાં આવતી એક્સાઇઝ ડ્યુટી | ii. કેન્દ્રીય વેચાણ વેરો |
| iii. વધારાની ઉત્પાદન શુલ્ક | iii. લક્ઝરી ટેક્ષ |
| iv. વધારાની કસ્ટમ ડ્યુટી (CVD) | iv. એન્ટ્રી ટેક્ષ |
| v. ખાસ વધારાની કસ્ટમ ડ્યુટી (SAD) | v. મનોરંજન કર |
| vi. સર્વિસ ટેક્ષ | vi. જાહેરાત ઉપરનો વેરો |
| vii. સેન્ટ્રલ સરચાર્જ અને સેસ | vii. ખરીદ વેરો |
| | viii. લોટરી, શરત અને જુગાર પર કર |
| | ix. રાજ્યના સરચાર્જ અને સેસ જે માલ અને સેવા સાથે સંકળાયેલા હોય |

## ૧.૪ જી.એસ.ટી.ની કરપ્રણાલીની બહાર રહેનાર ચીજ-વસ્તુઓ:




## ૧.૫ આપણા દેશ માટે જી.એસ.ટી.ની કેવી ડીઝાઇન વિચારવામાં આવી છે?



## ૧.૬ જી.એસ.ટી. કર-પ્રણાલીના અમલીકરણનાં ફાયદાઓ:

1. એક જ નોંધણી, એક જ પત્રક, એક જ ચલન અને એક જ સત્તાધિકારી પાસે જવાનું થવાથી ટેક્ષ કોમ્પ્લાયન્સનાં તથા વેરો એકત્રિત કરવાનાં ખર્ચમાં ઘટાડો થશે.
2. મોટાભાગનાં કેન્દ્રીય અને રાજ્યનાં વેરાઓ એક જ ટેક્સમાં ભળતા હોવાથી અને પૂર્વ તબક્કામાં ભરેલ વેરાની વેરાશાખ મળવાથી કાસ્કેડીંગ (વેરા પરનો વેરો) સમાપ્ત થશે. કાસ્કેડીંગની દૂર થવાથી ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થશે, પરિણામે કિંમતમાં ઘટાડો થશે.
3. મોટાભાગનાં રાજ્યોમાં વેટ કાયદા અન્વયે વેરો ભરવાની જવાબદારી રૂપિયા પાંચ લાખ કરતાં વધારે ટર્નઓવર થાય ત્યારથી શરૂ થાય છે. જી.એસ.ટી.માં ટર્નઓવરની આ મર્યાદા રૂ. ૨૦ લાખ કરેલ હોઇ હાલ નોંધાયેલ નાના વેપારીઓ પૈકી લગભગ ૩૦% થી ૩૫% જેટલા વેપારીઓ વેરાની જવાબદારીમાંથી મુક્ત થશે.
4. એકસમાન અને સર્વસામાન્ય રાષ્ટ્રીય બજાર અસ્તિત્વમાં આવશે.
5. આપણાં ઉત્પાદનો સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારોમાં સ્પર્ધાત્મક બનશે.
6. આયાતી અને દેશમાં ઉત્પન્ન થતી ચીજ-વસ્તુઓ પર વેરાનું સમાન ભારણ થવાથી સ્થાનિક બજારને પ્રોત્સાહન મળશે.
7. કરવેરાનો આધાર વધવાથી વેપારનાં વોલ્યુમમાં વધારો અને કરચોરી ઘટવાથી કેન્દ્ર અને રાજ્યો માટે મહેસૂલી આવકમાં વધારો થશે.
8. સમગ્ર દેશમાં વેરાના દરો સમાન રહેવાના હોવાથી રાજ્ય-રાજ્ય વચ્ચે કરવેરા બાબતે સ્પર્ધા નાબૂદ થઇ જશે. જે સમતોલ આર્થિક વિકાસ માટે મહત્વનું પગલું બની રહેશે.
9. ગ્રાહકો પર વેરાનો બોજ ઘટશે.

10. સમગ્રતયા આર્થિક વૃદ્ધિને વેગ મળશે.

11. ટેક્સનું માળખું તેની પારદર્શક લાક્ષણિકતાને કારણે સંચાલિત કરવું સરળ હશે.

### ૧.૭ જી.એસ.ટી.નાં ત્રણ અંગો:

કેન્દ્ર અને રાજ્ય દ્વારા માલ અને સેવાનાં એક જ વ્યવહાર પર સમાંતર ધોરણે જી.એસ.ટી. લેવામાં આવશે. રાજ્યમાં થતા માલ અને સેવાનાં સ્થાનિક વ્યવહાર પર કેન્દ્ર દ્વારા જે વેરો લેવામાં આવશે તે સી.જી.એસ.ટી. (CGST એટલે કે, સેન્ટ્રલ ટેક્ષ) અને રાજ્ય દ્વારા જે વેરો લેવામાં આવશે તે એસ.જી.એસ.ટી. (SGST એટલે કે, સ્ટેટ ટેક્ષ) તરીખે ઓળખાશે.

જો માલ અને સેવાનાં આંતર-રાજ્ય વ્યવહાર હશે તો તેનાં પર કેન્દ્ર દ્વારા જે વેરો લેવામાં આવશે તે ઇન્ટીગ્રેટેડ ટેક્ષ (IGST એટલે કે, ઇન્ટીગ્રેટેડ ટેક્ષ) તરીખે ઓળખાશે. સામાન્ય રીતે ઇન્ટીગ્રેટેડ ટેક્ષ પરનું વેરાનું ભારણ સેન્ટ્રલ ટેક્ષ અને સ્ટેટ ટેક્ષનાં સરવાળા જેટલું રહેશે, જેથી સ્થાનિક અને આંતર-રાજ્ય વ્યવહાર પર વેરાકીય ભારણમાં કોઈ તફાવત ન રહે. ખરેખર તો ઇન્ટીગ્રેટેડ ટેક્ષ એ એક રાજ્યમાં ભરેલ વેરાની વેરાશાખ (ક્રેડીટ) બીજા રાજ્યમાં રીસીપીયન્ટ ને તબદીલ કરવાની તેમજ તે રીતે વેરાની તબદીલીની વ્યવસ્થા છે. આયાતી માલ અને સેવા ઉપર પણ IGST લાગશે અને જ્યાં તે વપરાશે તે રાજ્યમાં તેની વેરાશાખ મળશે.

### ૧.૮ જી.એસ.ટી કઇ રીતે લાગશે?

- **ત્રણ હિસ્સા:**
  - CGST,
  - SGST અને
  - IGST

- રાજ્યની અંદર થતાં વેચાણો ઉપર GST લાગશે જેના બે ભાગ છે STATE GST(SGST)અને CENTRAL GST (CGST)
- દા.ત માલ/સેવાની કિંમત = રૂ.૧૦૦.
- વેરાનો દર ૧૮ %
- કુલ GST=રૂ.૧૮
- તેમાંથી SGST રૂ.૯ અને CGST રૂ.૯
- **પણ વેપારીએ એક જ બિલ, એક જ પત્રક અને એક જ ચલન ભરવાનું રહેશે.**
- જો સપ્લાયર (વેચનાર અથવા સેવા પુરી પાડ્નાર) નોંધાયેલ હશે અને રિસીવર (ખરીદનાર અથવા સેવા મેળવનાર) નોંધાયેલ કે બિન- નોંધાયેલ હશે તો સપ્લાયર રુ. 200 થી વધુ ના વેરા પાત્રસપ્લાય ના કિસ્સામાં CGST અને SGST કે IGST ચાર્જ કરશે.


### ૧.૯ ડ્યૂઅલ જી.એસ.ટી. બાબતે સમજુતી:

ભારત સમવાયતંત્ર ધરાવતો દેશ છે, જેમાં વૈધાનિક પ્રક્રિયા દ્વારા કેન્દ્ર અને રાજ્ય બન્નેને વેરો વસૂલ કરવાની સત્તાઓ આપવામાં આવેલ છે. સત્તાનાં વિકેન્દ્રીકરણ દ્વારા બંન્ને કક્ષાની સરકારને અલગ-અલગ પ્રકારની જવાબદારીઓનું વહન કરવાનું હોય છે. આર્થિક સમવાયતંત્રની બંધારણીય જરૂરિયાતોને ધ્યાને લઇને બંન્ને દ્વારા વેરો ઉઘરાવી શકાય તે માટે ડ્યૂલ જી.એસ.ટી. લેવો જરૂરી બનેલ છે. આ માટે બંધારણમાં જરૂરી સુધારા કરવા બંધારણીય સુધારા અધિનિયમ, ૨૦૧૬ થી નવો આર્ટિકલ ૨૪૬-એ ઉમેરવામાં આવેલ છે અને આ આર્ટિકલથી કેન્દ્ર અને રાજ્યોને માલ અને સેવાના વ્યવહારો ઉપર વેરો ઉઘરાવવા માટે સંયુક્ત અને સમાંતર સત્તાઓ આપવામાં આવેલ છે.

રાજ્યમાં થતાં વ્યવહારો પર રાજ્ય અને કેન્દ્ર બન્ને વેરો લેશે જેને અનુક્રમે સ્ટેટ ટેક્ષ(SGST) અને સેન્ટ્રલ ટેક્ષ(CGST) કહેવામાં આવશે. સ્ટેટ ટેક્ષ રાજ્યને મળશે અને સેન્ટ્રલ ટેક્ષ કેન્દ્રને મળશે. આંતર-રાજ્ય વ્યવહારોમાં જે ઇન્ટીગ્રેટેડ ટેક્ષ(IGST) લાગશે તેની વેરાશાખ આયાત કરનાર રાજ્યને મળશે. ત્યારબાદ જ્યારે તે માલ કે સેવાનો જે તે રાજ્યમાં વપરાશ થશે ત્યાં સ્ટેટ ટેક્ષ અને સેન્ટ્રલ ટેક્ષ લાગશે.

## ૧.૧૦ જી.એસ.ટી.માં વેરાનું માળખુ:

સેન્ટ્રલ ટેક્ષ અને સ્ટેટ ટેક્ષનાં અલગ-અલગ માલ અને સેવાનાં દર કેન્દ્ર અને રાજ્યો દ્વારા સંયુક્તપણે નક્કી કરવામાં આવે છે. આ દર જી.એસ.ટી. કાઉન્સિલની ભલામણોથી જાહેર કરવામાં આવશે. હાલ કાઉન્સિલ દ્વારા વેરાનાં સ્લેબ બાબતે નીચે મુજબની ભલામણ થયેલ છે.



- ✓ **જી.એસ.ટી.નાં અમલીકરણનાં કારણે રાજયોને જો આવકનું કોઇ નુકશાન થાય તો જી.એસ.ટી. કાઉન્સીલની ભલામણ મુજબ સેસ નાખવામાં આવશે અને પાંચ વર્ષ સુધી વળતર આપવામાં આવશે.**

## ૨. ગુડ્ઝ એન્ડ સર્વિસીઝ ટેક્સનાં અમલીકરણ માટે બંધારણીય સુધારા:

### ૨.૧ બંધારણીય સુધારા માટેનાં કારણો:

ભારતના બંધારણમાં કેન્દ્ર અને રાજ્યો વચ્ચે એકબીજાને અડચણ ઉભી કર્યા વગર નાણાકીય સત્તાઓનું સ્પષ્ટ વિભાજન કરાયેલ છે. માલના ઉત્પાદન ઉપર (આલ્કોહોલિક લીકર, ઓપિયમ, નાર્કોટીક્સ વિગેરે સિવાય) વેરો વસૂલવાની સત્તા કેન્દ્રને છે, જ્યારે રાજ્યોને માલના વેચાણો ઉપર વેરો લેવાની સત્તા છે. આંતર-રાજ્ય વેચાણો ઉપર વેરો લેવાની સત્તા કેન્દ્રને છે પણ આવા વેરાની વસૂલાત અને પોતાની પાસે રાખવાની સત્તા સંબંધિત રાજ્યોને છે. જ્યારે સેવાઓના અનુસંધાનમાં એક માત્ર કેન્દ્રને જ વેરો લેવાની સત્તા છે.

આમ, સમાન ધોરણે કેન્દ્ર અને રાજ્યોને વેરો લેવાની સત્તા રહે તે માટે બંધારણમાં સુધારો જરૂરી બનેલ. આ હેતુ માટે બંધારણ (૧૦૧મો સુધારા) અધિનિયમ, ૨૦૧૬થી ભારતનું બંધારણ સુધારવામાં આવેલ છે. બંધારણમાં નવા ઉમેરલ અનુચ્છેદ ૨૪૬-એ થી કેન્દ્ર અને રાજ્યો બન્નેને જી.એસ.ટી. લેવાની સત્તા આપવામાં આવેલ છે.

### ૨.૨ બંધારણીય સુધારાથી જી.એસ.ટી. લાદવાની મળેલ સત્તા:

બંધારણીય સુધારા અધિનિયમ, (૧૦૧મો સુધારો), ૨૦૧૬ દ્વારા નવા ઉમેરાયેલ આર્ટિકલ ૨૪૬-એ મુજબ દેશની સંસદ અને રાજ્યની વિધાનસભાને અનુક્રમે સેન્ટ્રલ ટેક્ષ અને સ્ટેટ ટેક્ષ વિષે કાયદા બનાવવાની સત્તા મળેલ છે. વધુમાં, પરંતુ, નવા ઉમેરાયેલ આર્ટિકલ ૨૪૬-એ (2) મુજબ સંસદને આંતર-રાજ્ય

વેપાર તથા વાણિજ્ય માટે કાયદો (ઇન્ટીગ્રેટેડ ટેક્ષ) ઘડવાની વિશિષ્ટ સત્તા મળેલ છે.

### ૨.૩ જી.એસ.ટી. કાઉન્સિલની રચના અને તેની ભૂમિકા:

જી.એસ.ટી. કાઉન્સિલની રચના **પહેલા રાજ્યોના નાણામંત્રીઓની અધિકારપાત્ર સમિતી** (Empowered Committee Of State Finance Ministers) **ની રચના તા. ૧૭/૦૭/૨૦૦૦ ના રોજ થઈ. ત્યારબાદ તેને** Society **તરીકે રજીસ્ટર કરવામાં આવી. ૨૦૦૫/૦૬ માં સમગ્ર દેશમાં** VAT **લાવવામાં ઘણી મહત્વની ભૂમિકા ભજવી. સર્વ-સંમતિથી વેરાના** floor rate **નક્કી કરી આપ્યાં. ૫૪ ચીજોને માફીની યાદીમાં રાખવામાં આવી. મુખ્યત્વે વેરાના બે દર: ૪ % અને ૧૨.૫ % રખાયા. તા ૧૨.૦૯.૨૦૧૬ થી** GST Council ની રચના થઈ.

જી.એસ.ટી. કાઉન્સિલની રચના બંધારણીય સુધારા અધિનિયમ, ૨૦૧૬ થી નવો આર્ટિકલ ૨૭૯-એ ઉમેરીને કરવામાં આવેલ છે. જી.એસ.ટી. કાઉન્સિલમાં કેન્દ્રીય નાણાંમંત્રી ચેરમેન તરીકે તેમજ કેન્દ્રીય મહેસૂલ રાજ્ય મંત્રી અને દરેક રાજ્યોના નાણાં/કરવેરામંત્રી કે રાજ્ય દ્વારા નિમાયેલા અન્ય કોઇ મંત્રી સભ્ય તરીકે છે. આ કાઉન્સિલ કેન્દ્ર અને રાજ્યોને જી.એસ.ટી.નાં અમલીકરણ બાબતે નીચે મુજબની ભલામણ કરશે.

1. કેન્દ્ર, રાજ્યો અને સ્થાનિક સંસ્થાઓ દ્વારા વસૂલાતા કર, ઉપકર અને સરચાર્જનો જી.એસ.ટી.માં સમાવિષ્ટ કરવો;
2. ચીજવસ્તુઓ અને સેવાઓને જી.એસ.ટી.માંથી માફી આપવી;
3. કઇ તારીખથી પેટ્રોલિયમ ક્રૂડ, હાઇ સ્પીડ ડીઝલ, પેટ્રોલ, નેચરલ ગેસ અને એવિએશન ટર્બાઇન ફ્યુઅલ ઉપર જી.એસ.ટી. લાદવામાં આવશે;

4. મોડેલ જી.એસ.ટી. કાયદા, વસૂલાતનાં સિદ્ધાંતો, ઇન્ટીગ્રેટેડ ટેક્ષના વહેંચણી અને સપ્લાયનું સ્થાન બાબતે સિદ્ધાંતો નક્કી કરવા;
5. નાણાંકીય મર્યાદા કે જેનાથી ઓછું ટર્નઓવર ધરાવતાં વ્યક્તિઓને જી.એસ.ટી.માંથી મુક્તિ આપવી;
6. જી.એસ.ટી.માં વેરાના દર નક્કી કરવા;
7. કુદરતી આપત્તિનાં સંજોગોમાં વધારાના સ્રોતો ઉભા કરવા કોઈ ચોક્કસ સમયગાળા માટે વેરાનાં વિશિષ્ટ દર નક્કી કરવા;
8. જી.એસ.ટી.નાં અમલીકરણને લગતી અન્ય કોઈ બાબત.

અત્યાર સુધીમાં જી.એસ.ટી. કાઉન્સિલની કુલ ૨૦ બેઠકો મળી ચૂકી છે. કાઉન્સિલે જી.એસ.ટી.નાં અમલીકરણ માટે મોડેલ જી.એસ.ટી. કાયદાઓની ભલામણ કરેલ છે, જે પૈકી:

1. કેન્દ્રીય માલ અને સેવા કર,
2. ઈન્ટ્રીગ્રેટેડ માલ અને સેવા કર,
3. યુનિયન ટેરીટરીઝ માલ અને સેવા કર તેમજ
4. રાજ્યને આપવાનાં વળતર

અંગેના કાયદાઓને સંસદે પસાર કરેલ છે.

વધુમાં, રાજ્યો માટે પણ રાજ્ય માલ અને સેવા કર કાયદાની પણ ભલામણ કરવામાં આવેલ, જેને સંબંધિત રાજ્યોની વિધાનસભાઓએ પસાર કરેલ છે.

### ૨.૪ જી.એસ.ટી. અમલીકરણમાં વિવાદોનું સમાધાન/ઉકેલની જોગવાઇ:

1. ભારત સરકાર અને એક અથવા વધુ રાજ્યો;

2. ભારત સરકાર અને કોઇ પણ રાજ્ય અથવા એક તરફ એક રાજ્ય અને બીજી તરફ એક અથવા એકથી વધુ રાજ્ય; અથવા

3. બે અથવા વધારે રાજ્ય

વચ્ચેના વિવાદોનાં ઉકેલ બાબતે કાર્યરીતી નક્કી કરી શકે તેવી બંધારણીય સુધારામાં જોગવાઇ છે.

### ૨.૫ જી.એસ.ટી.ના અમલીકરણને પરિણામે રાજ્યોને વેરાકીય આવકમાં નુકસાન જાય તો વળતર આપવાની જોગવાઇ:

જી.એસ.ટી.નાં અમલીકરણને પરિણામે જો કોઇ રાજ્યની વેરાકીય આવકમાં નુકસાન થશે તો તેવા રાજ્યને પાંચ વર્ષ સુધી થનાર નુકસાનનું વળતર આપવામાં આવશે. આવા નુકસાનની ગણતરી માટે વર્ષ ૨૦૧૫-૧૬ ને પાયાના વર્ષ તરીકે ગણવામાં આવશે. આ પાયાના વર્ષ દરમ્યાન જે માલ ઉપરનો વેરો જી.એસ.ટી.માં સમાવવામાં આવે છે. તેના ઉપર ૧૪% મુજબ વાર્ષિક વધારો ગણીને જી.એસ.ટી.ની થનારી ખરેખર આવક સાથે સરખાવીને કરવામાં આવશે. જી.એસ.ટી.ની આવક જેટલે અંશે ઓછી રહેશે તેટલી રકમ વળતર પેટે જે-તે રાજ્યને ચૂકવવામાં આવશે.

## 3 જી.એસ.ટી.એન.(Goods and Service Tax Network)

### 3.૧ જી.એસ.ટી.એન.ની ભૂમિકા:

માલ અને સેવા કર નેટવર્ક (જી.એસ.ટી.એન.) કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, કરદાતાઓ અને અન્ય સ્ટેક હોલ્ડરોને (દા.ત. રીઝર્વ બેન્ક, નેશનાલાઈઝ બેન્ક વગેરે)ને આઈ.ટી. માળખું અને સેવાઓ પુરી પાડશે.

આ સેવાઓ પૈકી કોમન પોર્ટલ (Comman Portal) ની સેવાઓ (ફ્રન્ટ એન્ડ સેવાઓ) જેવી કે નોંધણી, પત્રકો અને કરની ચૂકવણી બધાં જ કરદાતાઓને

વિના-મૂલ્યે સરકાર વતી પુરી પાડશે. વધુમાં, જે રાજ્યોએ મોડેલ-૨ અપનાવેલ હોય તેમને બેક એન્ડ પોર્ટલ ઉપરની સેવાઓ જેવી કે, આકારણી, ચકાસણી, વસૂલાત, રીફંડ વિગેરે પણ જી.એસ.ટી.એન. દ્વારા પૂરી પાડવામાં આવશે. આમ, તે સરકાર અને કરદાતાઓ વચ્ચે માધ્યમ બનશે. ગુજરાતે મોડેલ-૨ અપનાવેલ છે. અન્ય રાજ્યો પોતે બેક એન્ડ પોર્ટલ વિકસાવશે.

## 3.૨ જી.એસ.ટી.એન. કંપનીની જરૂરિયાત:


જી.એસ.ટી. પ્રણાલી પ્રોજેક્ટ (GSTN) માલ અને સેવા કર માળખાની કરોડરજ્જુ છે. જી.એસ.ટી.માં દેશમાં લગભગ ૮૦ લાખ જેટલાં નોંધાયેલા કરદાતાઓ હશે. માસિક ધોરણે લગભગ ૨ થી ૩ અબજ જેટલાં બિલ અને ભરતિયાંઓ ઇસ્યુ થશે. નવા કરદાતાઓ માટે નોંધણી નંબર લેવો, તમામ કરદાતાઓ માટે પત્રકો ભરવા, ઓનલાઇન ચૂકવણી કરવી, વેરાશાખનું મેળવણું કરવું, આંતર-રાજ્ય વ્યવહારોનાં અનુસંધાને સંબંધિત સરકારોને આવકની ફાળવણી કરવી, વગેરે એક વિશિષ્ટ અને જટિલ પ્રક્રિયા છે.

આ માટે જી.એસ.ટી.એન. - કરદાતાઓ અને કેન્દ્ર તથા રાજ્ય સરકારો વચ્ચે પહેલીવાર એક સમાન ઈન્ટરફેસ અને આઈ.ટી. માળખુ પુરૂં પાડશે. આ ત્યારે જ શક્ય બને કે જ્યારે સ્ટેક હોલ્ડર્સ (જેવા કે કરદાતાઓ, રાજ્યો, કેન્દ્ર સરકાર અને રીઝર્વ બેન્ક)નાં માટે એક મજબૂત આઈ.ટી. માળખું અને સેવાઓ હોય જે માહિતીને એકઠી કરે, તેની પર પ્રક્રિયા કરે, માહિતીનું વર્ગીકરણ કરે અને તેનું આદાન-પ્રદાન કરે. આ હેતુઓને હાંસલ કરવા માટે જી.એસ.ટી.એન.નું અતિ અધ્યતન માળખું બનાવવામાં આવેલ છે.

## 3.3 જી.એસ.ટી.એન.નાં કોમન પોર્ટલ વડે નીચેની સેવાઓ અપાશે.

1. નોંધણી: વર્તમાન કરદાતાઓના નોંધણી ના ડેટાનું સ્થાનાંતરણ માટે તા. ૮ મી નવેમ્બર ૨૦૧૬ થી શરૂ થયેલી પ્રક્રિયા તેમજ જી.એસ.ટી. કાયદા હેઠળ નોંધણીને લગતી તમામ કાર્યવાહી;

-નોંધણી દાખલામાં સુધારા-વધારા તેમજ નોંધણી દાખલો રદ કરવાની પ્રક્રિયા.




2. પેમેન્ટ મેનેજમેન્ટ સહિત ચુકવણી ગેટ-વે અને બેન્કિંગ સિસ્ટમો સાથે સંકલન;

3. પત્રકનું ફાઈલીંગ અને પ્રોસેસિંગ;

4. કરદાતાઓનું ટેક્ષ મેનેજમેન્ટ, એકાઉન્ટ મેનેજમેન્ટ, જાહેરનામુ, માહિતી, સ્ટેટસ ટ્રેકિંગ સહિત કરદાતાના વ્યવસ્થાપન વગેરે;

5. ટેક્ષ ઓથોરિટી એકાઉન્ટ અને લેજર મેનેજમેન્ટ;

6. કેન્દ્ર તથા રાજ્યોની વચ્ચે સેટલમેન્ટની ગણતરી(ઇન્ટેગ્રેટેડ ટેક્ષ): ઇન્ટેગ્રેટેડ ટેક્ષ માટે ક્લિયરીંગ હાઉસ;

7. ઈમ્પોર્ટ (આયાત) ઉપરનાં જી.એસ.ટી.નું પ્રોસેસિંગ અને રીકન્સીલીએશન અને કસ્ટમ્સની ઈડીઆઈ સિસ્ટમ સાથેનું એકીકરણ;

8. સામાન્ય જી.એસ.ટી. પોર્ટલ અને કરવેરા પ્રશાસન વચ્ચે ઈન્ટરફેસ જાળવવો;

## ૪. ગુડ્ઝ એન્ડ સર્વિસીઝ ટેક્સ કાયદાની મહત્વની જોગવાઈઓ

### ૪.૧ માલ અને સેવાનાં સ્થાનિક વ્યવહારો પર સેન્ટ્રલ ટેક્ષ અને સ્ટેટ ટેક્ષ લેવાની જોગવાઈ:

કાયદાકીય જોગવાઇ મુજબ જેનાં પર વેરામાફી હશે તે અને જે જી.એસ.ટી.ની બહાર છે તે સિવાયનાં માલ અને સેવાઓનાં તમામ વ્યવહારો પર સમાંતર ધોરણે સ્થાનિક વ્યવહારો પર સેન્ટ્રલ ટેક્ષ અને સ્ટેટ ટેક્ષ લેવામાં આવશે. જે પૈકી સેન્ટ્રલ ટેક્ષની વસૂલાત કેન્દ્ર સરકાર દ્વારા અને સ્ટેટ ટેક્ષની વસૂલાત સંબંધિત રાજ્ય દ્વારા કરવામાં આવશે. વધુમાં આ બંન્ને વેરા એક જ કિંમત ઉપર લેવામાં આવશે, અગાઉ ભરેલ વેરાની વેરાશાખ મળશે અને બાકી રહેતી રકમનું ચૂકવણું કરશે. આવા સ્થાનિક વ્યવહાર માટે સપ્લાયર એક જ ઇનવોઇસમાં બંન્ને વેરા દર્શાવશે.

ઉદાહરણ: ૧૦૦ રૂ નાં માલ ઉપર જો વેરાનો દર ૧૨% હશે તો ૬% SGST અને ૬% CGST લાગશે.

### ૪.૨ માલ અને સેવાઓનાં આંતર-રાજ્ય સપ્લાય (વ્યવહારો) અંગેની સમજૂતિ:

આંતર-રાજ્ય વેપાર અથવા વાણિજ્યમાં માલ અને/અથવા સેવાઓનો પુરવઠો એટલે જ્યાં સપ્લાયરનું સ્થાન અને પ્લેસ ઓફ સપ્લાય-

1. બે અલગ રાજ્યોમાં;
2. બે અલગ કેન્દ્ર-શાસિત પ્રદેશોમાં; અથવા
3. એક રાજ્ય અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં હોય

તો, આવા વ્યવહારોને આંતર-રાજ્ય સપ્લાય તરીકે ગણવામાં આવશે. વધુમાં આયાતને પણ આંતર-રાજ્ય સપ્લાય ગણવામાં આવશે. આંતર-રાજ્ય સપ્લાય પર ઇન્ટીગ્રેટેડ ટેક્ષ લાગશે.

## ૪.૩ પ્લેસ ઓફ સપ્લાય ઓફ સર્વિસ

**(આઇ.જી.એસ.ટી.એકટની કલમ- ૧૨ મુજબ)**

| ક્રમ | વિગત | સેવા આપનાર અને લેનાર ભારતમાં હોય તો | સેવા આપનાર અને લેનાર ભારતની બહાર હોય તો |
|---|---|---|---|
| ૧. | જનરલ જોગવાઇ | -નોંધાયેલ વ્યકિતને સપ્લાય કર્યો હોય તો તે વ્યકિતનું લોકેશન.<br>-બિનનોંધાયેલ વ્યકિતને સપ્લાય હોય તો તે.<br>(૧)જો રેકોર્ડ ઉપર એડ્રેસ હોય તો સપ્લાય મેળવનારનું લોકેશન<br>(૨)અન્ય તમામ કિસ્સામાં સપ્લાયરનું લોકેશન. | -સપ્લાય મેળવનારનુ લોકેશન.<br>-જો સપ્લાય મેળવનારનું લોકેશન ઉપલબ્ધ ન હોય તો સપ્લાયરનું લોકેશન. |
| ૨. | સ્થાવર મિલકત સબંધિત આર્કિટેકટ, એન્જીનીયર, સર્વેયર ઇન્ટીરીયર ડેકોરેટરની તથા અન્ય તજજ્ઞોની સેવાઓ.કલમ-૧૨(૩) | જે સ્થળે સ્થાવર મિલકત કે બોટ કે વેસલ આવેલ છે અથવા ઉભી કરવાનું સૂચિત છે તે સ્થળ.<br>-જો એક કરતાં વધુ રાજયોમાં સ્થળ હોય તો કિંમતના પ્રમાણસર વહેંચણી કરવાની રહે. | -સેવા મેળવનારનું લોકેશન. |
| 3. | રેસ્ટોરન્ટ, પર્સનલ ગ્રુમીંગ, ફીટનેશ, બ્યુટી ટ્રીટમેન્ટ, હેલ્થ સર્વિસ,કોસ્મેટીક અને પ્લાસ્ટી સર્જરી.<br>કલમ-૧૨(૪) | -સર્વિસ જયાં પુરી પાડવામાં આવે તે સ્થળ. | -સર્વિસ જયાં પુરી પાડવામાં આવે તે સ્થળ. |
| ૪. | કલ્ચરલ, સ્પોર્ટીંગ ઇવેન્ટ, એમ્યુઝમેન્ટ ફેસીલીટી વગેરેમાં પ્રવેશને લગતી સર્વિસ | -જયાં ઇવેન્ટ રાખવામાં આવેલ હોય તે સ્થળ.<br>દા.ત.સપ્તકનો સંગીતનો પ્રોગ્રામ<br>-જયાં પાર્ક કે બીજી કોઇ જગ્યા આવેલ | -જયાં ઇવેન્ટ રાખવામાં આવેલ હોય તે સ્થળ. |

| | | | |
|---|---|---|---|
| | કલમ-૧૨(૬) | હોય તેનું લોકેશન.<br>દા.ત.વોટર પાર્ક | |
| ૫. | કલ્ચરલ, સ્પોર્ટીંગ ઇવેન્ટ, મેળો, પ્રદર્શન વગેરે યોજવાની સર્વિસ<br><br>કલમ-૧૨(૭) | -નોંધાયેલ વ્યકિતને સેવા આપી હોય તો તે વ્યકિતનું લોકેશન<br>-બિન નોંધાયેલ વ્યકિતને સપ્લાય કર્યો હોય તો જયાં ઇવેન્ટ રાખી હોય તે લોકેશન.<br>-જો ઇવેન્ટ ભારતની બહાર રાખવામાં આવેલ હોય તો સપ્લાય મેળનારનું લોકેશન. | જયાં ઇવેન્ટ રાખવામાં આવેલ હોય તે સ્થળ. |
| ૬. | બેંકીગ અને બીજી નાણાકીય સર્વિસ .<br>કલમ-૧૨(૧૨) | સપ્લાયરના રેકર્ડ મુજબનું સપ્લાય મેળવનારનું લોકેશન | સપ્લાયરનું લોકેશન. |
| ૭. | ઇન્સ્યોરન્સ સર્વિસીઝ<br>કલમ-૧૨(૧૩) | નોંધાયેલ વ્યકિતને સપ્લાય કર્યો હોય તો તે વ્યકિતનું લોકેશન | સપ્લાય મેળવનારનું લોકેશન. |
| ૮. | કન્વેયન્સ ઓન-બોર્ડ મુજબ અપાતી સેવાઓ.<br>કલમ-૧૨(૧૦) | કન્વેયન્સના ડીપાર્ચરના પહેલા નિયત પોઇન્ટનું લોકેશન.<br>દા.ત.-અમદાવાદ થી મુંબઇ જતી ફલાઇટમાં પ્લેનમાં અપાતી કેટરીંગ સર્વિસનો વેરો ગુજરાતને મળશે,કારણ કે શરૂઆતનો  પોઇન્ટ ગુજરાત સ્થિત છે. | કન્વેયન્સના ડીપાર્ચરના પહેલા નિયત પોઇન્ટનું લોકેશન. |
| ૯. | ગુડઝ ટ્રાન્સપોર્ટેશન સર્વિસીસ.<br>કલમ-૧૨(૮) | (૧)નોંધાયેલ વેપારીને સપ્લાય કરેલ હોય તો તે વ્યકિતનું લોકેશન.<br>(૨)અન્ય કોઇ વ્યકિતને સપ્લાય કર્યો હોય તો જયાં ગુડઝ તેના વહન માટે હેન્ડ ઓવર કરવામાં આવે તે લોકેશન. | ગુડઝના ડેસ્ટીનેશનનું સ્થળ.<br>(મેઇલ અને કુરીયર સિવાય) |

| | | | |
|---|---|---|---|
| | | | |
| ૧૦. | પેસેન્જર ટ્રાન્સપોર્ટેશન કલમ-૧૨(૯) | (૧)નોંધાયેલ વ્યકિતને સપ્લાય કર્યો હોય તો તે વ્યકિતનું લોકેશન.<br>(૨) અન્ય માટે જયાંથી વ્યકિતએ મુસાફરી શરૂ કરી હોય તે લોકેશન. | જયાંથી વ્યકિતએ મુસાફરી શરુ કરી હોય તે લોકેશન. |
| ૧૧. | ટ્રેનીંગ અને એપ્રાઇઝલ સર્વિસ<br>કલમ -૧૨(૫) | (૧)નોંધાયેલ વ્યકિતને સપ્લાય કરેલ હોય તો તે વ્યકિતનું લોકેશન.<br>દા.ત.:- સ્પીપા દ્વારા નિરમાના કર્મચારીઓને આપવામાં આવેલ તાલીમ.<br>(૨)બિન-નોંધાયેલ વ્યકિતને સેવા આપી હોય તો સેવા જયાં પુરી પાડવામાં આવે તે સ્થળ.<br>દા.ત. નાણા વિભાગના અધિકારીઓને NACEN મુંબઇ ખાતે આપવામાં આવેલ GSTની તાલીમ. | |
| ૧૨. | ટેલીકોમ્યુનિકેશન,ડેટા ટ્રાન્સફર,બ્રોડકાસ્ટીંગ, કેબલ અને ડીટીએચ સર્વિસ.<br>(કલમ-૧૨(૧૧) | -જે જગ્યાએ ટેલીકોમ્યુનિકેશનની લાઇન,ડીસ એન્ટેના, લીઝ કનેકશન કે કેબલ કનેકશન ઇન્સ્ટોલ કર્યુ હોય તે સ્થળ.<br>-પોસ્ટ પેઇડ મોબાઇલ સેવાના કિસ્સામાં અને ઇન્ટરનેટ સેવાના કિસ્સામાં સેવા મેળવનારનુ સેવા આપનારના રેકર્ડ ઉપરનું બીલીંગ એડ્રેસ<br>-પ્રી-પેઇડ કે અન્ય બેઝ પ્રમાણે અપાતી | |

| | | | |
|---|---|---|---|
| | | મોબાઇલ સેવા, ઇન્ટરનેટ સેવા, ડીટીએચ વગેરેના કિસ્સામાં જો એજન્ટ, ડીસ્ટ્રીબ્યુટર, રીસેલર દ્વારા રીચાર્જ કરી આપવામાં આવે તો તેવા એજન્ટનું લોકેશન અથવા જયાં પેમેન્ટ મળે તે સ્થળ કે જયાં વાઉચરનું વેચાણ થાય તે સ્થળ. | |
| ૧૩. | ઓનલાઇન ઇન્ફર્મેશન અને ડેટાબેઝ એકસેસ અથવા રીટ્રીવલ સર્વિસ | -નોંધાયેલ વ્યકિતને સપ્લાય કરેલ હોય તો તે વ્યકિતનું લોકેશન. | |

### ૪.૪ માલ અને સેવાનાં આંતર-રાજ્ય વ્યવહારો પર ઇન્ટીગ્રેટેડ ટેક્ષ લેવાની વ્યવસ્થા:

ઇન્ટીગ્રેટેડ ટેક્ષની વસૂલાત કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવશે. કરપાત્ર વસ્તુ અને સેવાની આંતર-રાજ્ય સપ્લાય થશે ત્યારે જેણે સપ્લાય કરેલ હશે તે ઇન્ટીગ્રેટેડ ટેક્ષ ભરવા જવાબદાર થશે. આવા સપ્લાયર દ્વારા રીસીપીયન્ટ પાસેથી વેરો વસૂલ કરાશે. આ ઇન્ટીગ્રેટેડ ટેક્ષની વેરાશાખ મેળવવા રીસીપીયન્ટ હક્કદાર બનશે. આવો રીસીપીયન્ટ જ્યારે પોતાનાં રાજ્યમાં માલ અને સેવાનું ફરીથી વેચાણ કરશે ત્યારે તેણે સ્ટેટ ટેક્ષ અને સેન્ટ્રલ ટેક્ષ ભરવાનો થશે અને આવા ભરવાપાત્ર વેરા સામે તેની વેરાશાખ લઈને બાકીની રકમનું ચુકવણું કરશે.

દા.ત:

| | |
|---|---|
| (૧) માલની કિંમત | : રૂ. ૧૦૦ |
| (૨) માલની મુવમેન્ટની શરૂઆત | : ગુજરાત |
| (૩) માલની મુવમેન્ટનો અંત (ડેસ્ટીનેશન-વપરાશ) | : મહારાષ્ટ્ર |

| |
|---|
| (૪) કરદાતાએ ધારો કે ૧૮% વેરો ભરવાનો છે તો : મહારાષ્ટ્રનો કરદાતા<br>આ વેરો ગુજરાત સરકારને નહીં મળે. વેરાશાખ માંગશે.<br>(૫) આમ, વેરાની રકમ એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં વેરાશાખ માંગવાના કારણે તબદીલ થશે. |

## ૪.૫ ઇન્ટીગ્રેટેડ ટેક્ષ માળખાનાં લાભ:

1. આંતરરાજ્ય પુરવઠામાં વેરાશાખની સાંકળ સતત કાર્ય કરતી રહે છે, જે ઉત્પાદકથી માંડીને અંતિમ વપરાશકર્તા સુધી કોઇપણ પ્રકારની અડચણ વગર કાર્યરત રહે છે.
2. સ્થાનિક અને આંતર-રાજ્ય વ્યવહાર પર વેરાનાં દરમાં કોઈ તફાવત ન હોવાથી ટેક્ષ ભરતી વખતે વેરાશાખ વપરાઈ જાય છે અને નિકાસકાર રાજ્ય માટે કોઈ રિફંડનો પ્રશ્ન ઉદભવતો નથી.
3. આંતર-રાજ્ય નિકાસકાર કે આયાતકાર માટે કોઈ પણ ભંડોળનો ભરાવો નથી થતો અથવા કોઈ પણ અગ્રીમ કરની ચુકવણી નથી કરવાની.
4. કરદાતાઓ માટે કોઈ પણ વધારાના અનુપાલન સિવાય સામાન્ય હિસાબ.
5. આંતર-રાજ્ય વેપારમાં હવે સેન્ટ્રલ સેલ્સ ટેક્ષ ન હોવાથી તેમજ ખરીદી પર આયાતકારને પૂરેપૂરી વેરાશાખ મળતી હોવાથી વેરાનું ભારણ ઓછું થશે.

## ૪.૬ કેન્દ્ર, નિકાસકાર રાજ્ય તથા આયાતકાર રાજ્ય વચ્ચે નાણાંકીય પતાવટ:

કેન્દ્ર અને રાજ્યો વચ્ચે નાણાની પતાવટ બે રીતે થશે.

(અ) કેન્દ્ર અને નિકાસકાર રાજ્ય : નિકાસકાર રાજ્ય જ્યારે આંતર-રાજ્ય સપ્લાય કરશે ત્યારે ભરવાપાત્ર થતા ઇન્ટીગ્રેટેડ ટેક્ષના વેરા સામે સ્ટેટ ટેક્ષની વેરાશાખ સરભર કરશે ત્યારે આવી સરભર કરેલી સ્ટેટ ટેક્ષ વેરાશાખની રકમ જેટલી રકમ કેન્દ્ર સરકારને તબદિલ કરશે.

(બ) કેન્દ્ર અને આયાતકાર રાજ્ય : આયાત થયેલો માલ જ્યારે રાજ્યમાં વપરાશે ત્યારે તેના ઉપર ભરવાપાત્ર થતાં સ્ટેટ ટેક્ષ સામે જેટલી રકમની ઇન્ટીગ્રેટેડ ટેક્ષ વેરાશાખ સરભર થશે તેટલી વેરાશાખની રકમ કેન્દ્ર સરકાર આયાત કરનાર રાજ્યને તબદિલ કરશે.

આ તબદીલી જી.એસ.ટી.એન.ની સિસ્ટમ પર જ ઇલેક્ટ્રોનીકલી થશે.

## ૪.૭ ગુડ્ઝ એન્ડ સર્વિસીઝ ટેક્સ હેઠળ “સપ્લાય” નો અર્થ:

- કેન્દ્ર સરકાર દ્વારા અગાઉ ઉત્પાદન ઉપર ઉત્પાદન શુલ્ક અને રાજ્યો દ્વારા માલના ખરીદ-વેચાણ ઉપર વેટ લેવામાં આવતો હતો. પરંતુ, હવેથી જી.એસ.ટી.માં માલનાં ઉત્પાદન કે ખરીદ-વેચાણને બદલે ‘સપ્લાય’ પર વેરો લેવાનો રહેશે. જો માલનું વેચાણ ન હોય પરંતુ ‘સપ્લાય’ હોય તો પણ વેરો લાગશે. ‘સપ્લાય’નો અર્થ ખૂબ જ વ્યાપક છે અને તેમાં-
- વ્યક્તિ દ્વારા થતાં માલ અથવા સેવાની દરેક પ્રકારની ‘સપ્લાય’ જેવી કે વેચાણ, બ્રાન્ચ ટ્રાન્સફર, બદલો (વિનિમય), લાયસન્સ, ભાડે આપવું, ધીરવું (lease) અથવા એ પ્રકારનો નિકાલ (disposal) અથવા તેવા નિકાલ માટેની સમજૂતી કે જે અવેજ બદલ ધંધાકીય હેતુ માટે કરવામાં આવેલ હોય;
- અવેજ વગર થતાં કેટલાક વ્યવહારો કે જે પરિશિષ્ટ -૧ માં દર્શાવવામાં આવેલ હોય (દા.ત. વેરાશાખ મેળવેલ હોય તેવી ધંધાકીય મિલ્કતોની કાયમી તબદીલી, મુખ્ય વેપારી દ્વારા તેનાં એજન્ટને થતી માલની સપ્લાય અથવા એજન્ટ દ્વારા તેનાં મુખ્ય વેપારીને થતી માલની સપ્લાય, સંકળાયેલ વ્યક્તિઓ વચ્ચે થતી માલ અને સેવાની તબદીલી વગેરે) તેનો સમાવેશ થાય છે.

- પરિશિષ્ટ -૨ માં આપેલ વિગતો મુજબ કયો વ્યવહાર માલની 'સપ્લાય' અને કયો વ્યવહાર સેવાની 'સપ્લાય' ગણાશે, તે બાબતે સ્પષ્ટતા કરવામાં આવેલ છે. દા.ત. 'વર્કસ કોન્ટ્રાક્ટ' અને 'કેટરીંગ સર્વીસીઝ'ને સેવા ગણાશે.
- પરિશિષ્ટ – ૩ માં દર્શાવેલા વ્યવહારોને માલ કે સેવાની 'સપ્લાય' ગણવામાં આવશે નહીં. દા.ત. કર્મચારી દ્વારા માલિકને અપાતી સેવા "સપ્લાય" ગણાશે નહીં, જમીનના વેચાણ 'સપ્લાય' ગણાશે નહીં.

## ૪.૮ ગુડ્ઝ એન્ડ સર્વિસીઝ ટેક્સ હેઠળ નોંધણી અને વેરો ભરવાની જવાબદારી:

### ૪.૮.૧ જી.એસ.ટી. કાયદા હેઠળ કરદાતાની વેરો ભરવાની જવાબદારી:

કોઈ કરદાતા જી.એસ.ટી.માં સમાવિષ્ટ થતા હાલનાં કાયદા હેઠળ નોંધાયેલ હશે તો તેણે જી.એસ.ટી.નાં અમલની તારીખથી નોંધણી નંબર લેવાનો થશે. આગળ જણાવ્યા મુજબ જ્યારે કરદાતાનું એકંદર ટર્નઓવર રૂપિયા ૨૦ લાખથી વધે ત્યારે તેની કર ભરવાની જવાબદારી આવશે. એકંદર ટર્નઓવર સમગ્ર દેશ કક્ષાએ ગણવામાં આવશે. કરદાતા જ્યારે એક રાજ્યમાં વેરો ભરવા જવાબદાર થશે ત્યારે તે અન્ય રાજ્યમાં આવેલ ધંધાનાં સ્થળેથી જો સપ્લાય કરશે તો તેની તે રાજ્યમાં પણ તેની વેરો ભરવાની અને નોંધણી નંબર લેવાની જવાબદારી આવશે. કઇ-કઇ વ્યક્તિઓએ નોંધણી નંબર લેવાનો થશે તેની પણ જી.એસ.ટી. કાયદામાં જોગવાઇ કરવામાં આવેલી છે. આ કાયદાની જોગવાઈ મુજબ ખેડૂતને કરપાત્ર વ્યક્તિ તરીકે ગણેલ નથી. વધુમાં, જે વ્યક્તિ સંપૂર્ણપણે કરમુક્ત માલ/સેવાની સપ્લાય કરતી હોય તેને પણ નોંધણી નંબર લેવામાંથી મુક્તિ અપાયેલ છે. એમ્પ્લોયમેન્ટનાં સંદર્ભમાં કર્મચારી દ્વારા એમ્પ્લોયરને આપવામાં આવતી સર્વિસ વેરા મુક્ત છે.

જી.એસ.ટી. કાયદાની કલમ ૨૫ (૩) પ્રમાણે કોઈ વ્યક્તિની એકંદર ટર્નઓવરની મર્યાદા રૂપિયા ૨૦ લાખથી વધુ ન થઈ હોવા છતાં તે મરજીયાત નોંધણી નંબર લઈ શકશે.

### ૪.૮.૨ જી.એસ.ટી. હેઠળ નોંધણી નંબર લેવાનાં લાભ:

1. કાયદાકીય રીતે માલ અથવા સેવાનાં સપ્લાયર તરીકે માન્યતા પ્રાપ્ત થાય છે.
2. ઇનપુટ માલ અથવા સર્વિસ પર ભરાયેલ વેરાનું યોગ્ય એકાઉન્ટીંગ થઈ શકશે, જે કરદાતાને માલ અથવા સેવાનાં સપ્લાય પર ભરવાનાં થતા વેરા સામે સરભર કરવામાં ઉપયોગમાં આવશે.
3. કાયદાકીય રીતે માલ અથવા સેવાનાં સપ્લાય પર વેરો એકત્રીત કરવા માટે અધિકૃત થઈ શકશે અને તેનાંથી આ માલ અથવા સેવાઓનાં ખરીદદાર/પ્રાપ્તકર્તાઓને ભરાયેલ વેરાની વેરાશાખ કરવા માટે પણ અધિકૃત થશે.

### ૪.૮.૩ જી.એસ.ટી. કાયદા અનુસાર નોંધણી નંબર લેવા માટેની સમયમર્યાદા:

કોઈ પણ વ્યક્તિ જ્યારે નોંધણી નંબર લેવા માટે જવાબદાર બને તેનાં ત્રીસ દિવસની અંદર, ઠરાવેલ શરતોને આધીન તથા સૂચવ્યા અનુસાર, નોંધણી નંબર લેવા જવાબદાર થશે.

### ૪.૮.૪ જી.એસ.ટી. કાયદામાં એક જ રાજ્યમાં એકથી વધુ નોંધણી નંબર લેવા બાબત:

જી.એસ.ટી. મોડેલ કાયદાની કલમ ૨૫ (૨) અનુસાર વ્યક્તિ જો રાજ્યમાં એકથી વધુ બિઝનેસ વર્ટિકલ્સ ધરાવતી હોય તો તેને રાજ્યમાં આવેલ દરેક બિઝનેસ વર્ટિકલ્સ માટે અલગ નોંધણી નંબર લેવાની સવલત આપવામાં આવેલ છે.

### ૪.૮.૫ રજીસ્ટ્રેશન મેળવવા માટે PAN / TAN હોવા બાબત:

મોડેલ જી.એસ.ટી. કાયદાની કલમ ૨૫ (૬) અનુસાર નોંધણી નંબર મેળવવા માંગતી વ્યક્તિ માટે આવક વેરા ધારા, ૧૯૬૧ અનુસાર ઇસ્યુ થયેલ PAN (Permanent Account Number) હોવો જરૂરી છે. જે વ્યક્તિ મુળ સ્થાનેથી કર કપાત (TDS) કરવા જવાબદાર છે તેને નોંધણી નંબર મેળવવા માટે PAN ને બદલે TAN (Tax Deduction and Collection Account Number) જરૂરી છે. જ્યારે નોન-રેસીડેન્ટ કરપાત્ર વ્યક્તિ માટે પાસપોર્ટ જરૂરી છે.

### ૪.૮.૬ નોંધણી માટે ઓનલાઈન અરજીની પ્રક્રિયા:

કરદાતાએ નોંધણી માટે કચેરીમાં દસ્તાવેજ લઈને જવાને બદલે ઓનલાઈન જ અરજી કરવાની છે. આ અરજીમાં વિગતો દર્શાવીને સાથે સ્કેન કરેલ દસ્તાવેજો બીડવાનાં રહેશે. જો માહિતી અને અપલોડ કરેલા દસ્તાવેજો નિયમ અનુસાર જણાય તો, રાજ્ય/કેન્દ્રીય સત્તાધિકારીએ આ અરજી બાબતે ત્રણ સામાન્ય કામકાજનાં દિવસ દરમયાન કાર્યવાહી કરવાની રહેશે. જો ત્રણ દિવસમાં સત્તાધિકારી કોઈ નિર્ણય ન લે તો Common Portal દ્વારા આપોઆપ નોંધણી નંબર જનરેટ થશે અને કરદાતા ડીજીટલ સહીવાળું નોંધણી પ્રમાણપત્ર કરદાતા પોર્ટલ પરથી ડાઉનલોડ કરી શકશે. જો સત્તાધિકારીને ઓનલાઈન અરજીમાં માહીતી અધુરી હોવાનું અથવા ભૂલ ભરેલ હોવાનું જણાય તો તેઓ અરજીકર્તા સાત દિવસની અંદર તેને સુધારીને પરત કરવાનું જણાવશે. કરદાતા દ્વારા અરજીમાં સુધારાની જાણ કર્યાથી આ અરજીને મંજુર કરવા કે ના-મંજુર કરવા માટે સત્તાધિકારી પાસે સાત દિવસનો સમય રહેશે. જો આ સમયગાળામાં સત્તાધિકારી કોઈ નિર્ણય ન તો Common Portal દ્વારા આપોઆપ નોંધણી નંબર જનરેટ થશે.

### ૪.૮.૭ Structure of Registration Number

**24 AAAAA0000A 1 Z 5**

**સ્ટેટ કોડ પાન ધંધના સ્થળ ચેક ડિઝીટ**

### ૪.૮.૮. અરજીનાં નિકાલ સંબંધિત જાણકારી:

અરજદારને તેની રજીસ્ટ્રેશન અરજીનો સ્વિકાર અથવા અસ્વીકારની માહિતી GST કોમન પોર્ટલ તરફથી e-mail અને SMS દ્વારા આપવામાં આવશે. અરજદારને આ તબક્કે ક્ષેત્રાધિકારની વિગતો પણ જાણ કરવામાં આવશે.

### ૪.૮.૯ નોંધણીની કામગીરીમાં જી.એસ.ટી.એન.નો ફાળો:

કરદાતાએ નોંધણી માટે કચેરીમાં દસ્તાવેજ લઈને આવવાનું રહેશે નહીં. આ અરજી Common Portal માં ઓનલાઈન કરવાની રહેશે. આ અરજીમાંની મુખ્ય માહિતી જેવી કે પાન, વ્યવસાયિક પ્રકાર, આધાર, સીઆઈએન/ડીઆઈએન વગેરે જેવી કેટલીક ચાવીરૂપ માહિતીઓ (જી.એસ.ટી.) ઓનલાઇન દ્વારા સી.બી.ડી.ટી., યુઆઇડી, એમ.સી.એ. વગેરે સાથે Common Portal દ્વારા માન્ય કરવામાં આવશે.

જી.એસ.ટી.એન. આ અરજીની માહિતી, બીડેલ દસ્તાવેજો (સ્કેન કરેલ) સાથે રાજ્યો તથા કેન્દ્રનાં સત્તાધિકારીને મોકલશે. જો અરજી યોગ્ય હશે તો ત્રણ દિનમાં ડીજીટલ સહીવાળું નોંધણી પ્રમાણપત્ર કરદાતા પોર્ટલ ઉપર ઉપલબ્ધ કરવામાં આવશે જે ડાઉનલોડ કરી શકશે.

### ૪.૯ ગુડ્ઝ એન્ડ સર્વિસીઝ ટેક્સ હેઠળ વેરાનું ચુકવણું:

કરદાતાઓ વેરાની ચૂકવણી નીચે મુજબ પદ્ધતિઓ દ્વારા કરી શકાય છે :-

(અ) ઓન-લાઇન ક્રેડીટ લેજર (વેરાશાખ ખાતાવહી)માં રહેલ વેરાશાખનાં ઉપયોગથી:

કરદાતા પોતાની ઇનવર્ડ સપ્લાય ઉપર જેટલી વેરાશાખ લેવા માટે હક્કદાર હશે તેટલી રકમની વેરાશાખ તેની ક્રેડીટ લેજરમાં તે પત્રક ભરશે તે મુજબ જમા થશે. ટેક્ષ પીરીયડને અંતે જો વેરાશાખ વપરાયા બાદ કોઈ રકમ ખાતાવહીમાં જમા રહેતી હશે તો તે રકમ ત્યારપછીનાં સમયગાળા માટે આગળ ખેંચી જવામાં આવશે.

(બ) ઓન-લાઇન કેશ લેજરમાં રકમ જમા કરાવીને:

### ૪.૯.૧ રકમ કેશ લેજરમાં (રોકડ ખાતાવહી) જમા કરવા માટેનાં વિકલ્પો:

કરદાતાને રકમ (નાણા) કેશ લેજરમાં જમા કરવા નીચેનાં વિકલ્પો આપેલ છે.

(અ) ઈ-પેમેન્ટથી: કરદાતા માન્ય (Authorised) બેંકમાં ખાતું ધરાવતો હશે તો તેનાં મારફતે ઈલેક્ટ્રોનિક પેમેન્ટથી

(બ) ક્રેડિટ કાર્ડ કે ડેબિટ કાર્ડથી

(ક) RTGS અને NEFT થી

(ડ) રૂપિયા દસ હજારની મર્યાદામાં એક ટેક્ષ પીરીયડમાં એક ચલણથી રોકડેથી /ચેકથી/ડ્રાફ્ટથી (Over the Counter) પણ વેરો જમા થઈ શકશે.

કરદાતાએ કોઈ પણ રકમનાં ચુકવણા માટે ચલન Portal પર જ જનરેટ કરવાનું છે.

### ૪.૯.૨ કરદાતાએ ભરવાનાં થતા વેરાનો સમયગાળો:

સામાન્ય કરદાતાએ જે માસ દરમ્યાન વ્યવહારો કરેલ હોય તે માસ પૂરો થયા બાદનાં મહીનાની ૨૦ મી તારીખ સુધીમાં વેરો ભરવાનો રહેશે. (દા.ત. માર્ચ મહીનાનો ટેક્ષ ૨૦મી એપ્રિલ સુધીમાં ભરી દેવાનો રહેશે).

કમ્પોઝિશન કરદાતાએ ત્રિ-માસીક ધોરણે ટેક્ષ ભરવાનો રહેશે.

### ૪.૯.૩ ઈ-રજીસ્ટરો (કુલ ત્રણ) સિસ્ટ્મ દ્વારા દરેક કર દાતા માટે નિભાવવામાં આવશે.

### (૧) વેરાશાખનું લેજર (સીસ્ટમ મુજબના અગત્યના ફીલ્ડ)

| ક્રમ | બાબત | આઇજીએસટી | સીજીએસટી | એસજીએસટી | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ઉઘડતી સિલક | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | વેટ કાયદાની ક્લોઝીંગ સ્ટોકની વેરાશાખ | ૦ | ૦ | ૧૫,૦૦૦ | ૧૫,૦૦૦ |
| ૩ | એક્સાઇઝના કેપીટલ ગુડઝની બાકી રહેતી વેરાશાખ | ૦ | ૩૦,૦૦૦ | – | ૩૦,૦૦૦ |
| ૪ | કુલ | ૦ | ૩૦,૦૦૦ | ૧૫,૦૦૦ | ૪૫,૦૦૦ |
| ૫ | ઉમેરો – જુલાઈ, ૨૦૧૭ની ખરીદીની વેરાશાખ બાદ | ૮૦૦૦ | ૬૦૦૦ | ૬૦૦૦ | ૨૦,૦૦૦ |
| ૬ | વેરાશાખનું મીસ–મેચ | ૨૦૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૪૦૦૦ |
| ૭ | બેલેન્સ (૫–૬) મળવાપાત્ર | ૬૦૦૦ | ૫૦૦૦ | ૫૦૦૦ | ૧૬,૦૦૦ |
| ૮ | કુલ ઉપલબ્ધ વેરાશાખ (૪ + ૭) | ૬૦૦૦ | ૩૫,૦૦૦ | ૨૦,૦૦૦ | ૬૧,૦૦૦ |
| ૯ | મે મહિનામાં વપરાશ (આઉટપૂટ વેરો) | ૭૦૦૦ | ૪૦,૦૦૦ | ૨૨,૦૦૦ | ૬૯,૦૦૦ |
| ૧૦ | રોકડેથી ભરવાની રકમ (૯–૮) | ૧૦૦૦ | ૫૦૦૦ | ૨૦૦૦ | ૮૦૦૦ |

### (2) જવાબદારીનું રજિસ્ટર (સીસ્ટમ મુજબના અગત્યના ફીલ્ડ) જુલાઈ-૨૦૧૭

| ક્રમ | બાબત | આઈજીએસટી | સીજીએસટી | એસજીએસટી | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | જવાબદારીની ખૂલતી બાકી | ૧૦૦૦ | ૫૦૦૦ | ૨૦૦૦ | ૮૦૦૦ |
| ૨ | જુલાઈ ના પત્રકની જવાબદારી (આઉટપૂટ વેરો) | ૬૦૦૦ | ૭૦૦૦ | ૮૦૦૦ | ૨૧,૦૦૦ |
| ૩ | કુલ જવાબદારી | ૭૦૦૦ | ૧૨,૦૦૦ | ૧૦,૦૦૦ | ૨૯,૦૦૦ |

## (3) ઇલેક્ટ્રોનીક કેશ લેજર (સીસ્ટમ મુજબના અગત્યના ફીલ્ડ)

## મે. XYZ કંપની, GSTIN 24 ABFPA3496C AZ 6 ૧૧, સુમન ટાવર, ગાંધીનગર.

## એકંદર પરિસ્થિતિ.

| કાયદો | તારીખ | વર્ણન | વેરાની રકમ | વ્યાજ | દંડ | ફી | અન્ય |
|---|---|---|---|---|---|---|---|
| એસજીએસટી | ૨૦-૭-૧૭ | કેશ પેમેન્ટનું બેલેન્સ | ૨,૦૦૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| સીજીએસટી | ૨૦-૭-૧૭ | કેશ પેમેન્ટનું બેલેન્સ | ૫,૦૦૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| આઈજીએસટી | ૨૦-૭-૧૭ | કેશ પેમેન્ટનું બેલેન્સ | ૧,૦૦૦ | ૦ | ૦ | ૦ | ૦ |

## ૪.૧૦ ગુડ્ઝ એન્ડ સર્વિસીઝ ટેક્ષ હેઠળ પત્રકો:

જી.એસ.ટી. હેઠળ નોંધાયેલ દરેક વ્યક્તિ એક અથવા બીજા સ્વરૂપે પત્રક ફાઇલ કરશે. નોંધાયેલ સામાન્ય વ્યક્તિ માસિક અને કમ્પોઝિટ સ્કીમ સ્વીકારનાર ત્રિમાસિક પત્રક ફાઇલ કરશે. ટીડીએસ અને ટીસીએસ કરનાર વ્યક્તિ પણ માસિક પત્રક ફાઇલ કરશે, જેમાં ટીડીએસ અને ટીસીએસ કરેલ રકમની અને અન્ય જરુરી વિગતો દર્શાવશે.

પત્રકનાં પ્રકારો ત્રણ છે, માસિક, ત્રિમાસિક અને વાર્ષિક. માસિક પત્રક ભરવાપાત્ર થતા કરદાતાએ સૌ પ્રથમ પોતાની આઉટવર્ડ સપ્લાયની વિગતો (વેચાણ વગેરે) નમુના જી.એસ.ટી.આર-૧માં દર્શાવશે. આ વિગત ખરીદી કરનારનાં નમુના જી.એસ.ટી.આર-૨માં સીધી પહોંચશે. નમુના જી.એસ.ટી.આર-૧ અને નમુના જી.એસ.ટી.આર-૨ ની વિગતોને આધારે Common Portal પર સ્વયં સંચાલીત ધોરણે માસિક પત્રક જી.એસ.ટી.આર-3 માં તૈયાર થશે. વર્ષને અંતે કરદાતાએ વાર્ષિક પત્રક પણ ફાઈલ કરવાનું રહેશે.

### ૪.૧૦.૧ નમુના જી.એસ.ટી.આર-૧ માં અપલોડ કરવાનાં થતાં ઇનવોઇસની વિગતો:

સ્થાનિક કે આંતર-રાજ્ય સપ્લાય માટેનાં જે ઇનવોઇસ Business to Business હશે તે તમામ ઇનવોઇસ અપલોડ કરવાના રહેશે. રાજ્યમાં જ અંતિમ વપરાશકારોને (B 2 C) સપ્લાય કરેલ હશે તો ઇનવોઇસ વાઇઝ વિગતો જરૂરી નથી. પરંતુ, આંતર-રાજ્ય અંતિમ વપરાશકારોને થતા ઇનવોઇસની કિંમત જો રૂપિયા ૨.૫૦ લાખથી વધુ હશે તો જ ઈનવોઈસ-વાઈઝ વિગતો આપવાની રહેશે. રૂપિયા ૨.૫૦ લાખથી ઓછી કિંમતનાં આંતર-રાજ્ય અંતિમ વપરાશકારોને થતી સપ્લાય માટે ઇનવોઇસની વિગતો રાજ્યવાર (State wise) સમરી બનાવીને આપવાની રહેશે.

### ૪.૧૦.૨ વેરાશાખનું મેળવણું - ઇનવોઇસ મેચીંગ:

ખરીદનારે નમુના જી.એસ.ટી.આર-૨માં દર્શાવેલ ઇનવોઇસ જો સામેનાં સપ્લાયરનાં નમુના જી.એસ.ટી.આર-૧માં દર્શાવેલ ઇનવોઇસ સાથે મેચ ન થાય તેવા સંજોગોમાં અથવા જ્યારે બંનેને જાણ કરવા છતાં પણ આ miss-match સુધારાય નહીં તેવા સંજોગોમાં બે માસમાં વેરાશાખ પાછી ભરપાઈ કરી દેવાની રહેશે.

## ૪.૧૧ ગુડ્ઝ એન્ડ સર્વિસીઝ ટેક્ષ હેઠળ ઉચ્ચક વેરો ભરવાનો વિકલ્પ:

### ૪.૧૧.૧ જી.એસ.ટી.થી નાના કરદાતાંઓને થતા લાભો:

જે કરદાતાનું એકંદર ટર્નઓવર રૂપિયા ૨૦ લાખ સુધીનું છે તેઓને કર ભરવાની જવાબદારીમાંથી બાકાત રાખેલ છે. વધુમાં, અગાઉના વર્ષ દરમ્યાન જે વ્યક્તિનું એકંદર ટર્નઓવર રૂપિયા ૫૦ લાખ કરતાં ઓછું હોય તે વ્યક્તિ ઉચ્ચક વેરાની યોજનાનો લાભ લઇ શકે છે. આવા કરદાતાએ નક્કિ કરેલ રાહત દરે સ્થાનિક સપ્લાયનાં વ્યવહારો પર વેરો ભરવાનો રહેશે. વધુમાં, જો કરદાતાનું એકંદર ટર્નઓવર મર્યાદા કરતા ઓછું હશે તો પણ તે વૈકલ્પિક નોંધણીની જોગવાઇનો લાભ લઈ શકશે અને તેને વેરાશાખનો લાભ પણ મળી શકશે. ઉચ્ચક વેરા યોજનાનો લાભ લેનાર સપ્લાયર રીસીપીયન્ટ પાસેથી વેરો વસુલ કરી શકશે નહીં. ટેક્ષ ઇનવોઇસ ઇસ્યુ કરી શકતા નથી. આથી આવા સપ્લાયર પાસેથી રીસીપીયન્ટ વેરાશાખનો દાવો કરી શકશે નહીં.

### ૪.૧૧.૨ ઉચ્ચક વેરા યોજના (Composition Scheme) માં વેરાનાં દર:

ઉચ્ચક વેરા યોજના (Composition Scheme)માં વિવિધ સેક્ટર્સ માટે વિવિધ દરો છે. ચીજ-વસ્તુઓના સપ્લાયર્સ (ટ્રેડર્સ)ની બાબતમાં ઉચ્ચક વેરાનો દર ૧% (૦.૫૦%+૦.૫૦%) છે. જો ઉચ્ચક વેરાનો લાભ લેનાર ઉત્પાદક (પાન-મસાલા, બરફ, અને આઇસ્ક્રીમના ઉત્પાદકો સિવાય) હોય તો, તેનાં માટે ઉચ્ચક વેરાનો

દર ૨% (૧%+૧%) છે. રેસ્ટોરન્ટ સેવાઓની બાબતમાં ઉચ્ચક વેરાનો દર ૫% (૨.૫૦%+૨૫૦%) છે.

### ૪.૧૨ ગુડ્ઝ એન્ડ સર્વિસીઝ ટેક્સ હેઠળ ઇનપુટ ટેક્ષ ક્રેડિટ (વેરાશાખ)ની જોગવાઇ:

#### ૪.૧૨.૧ પ્રાથમિક ખ્યાલ:

ઇનપુટ ટેક્ષ એટલે કોઇ પણ નોંધાયેલ વ્યક્તિને કોઇ સપ્લાય કરવામાં આવેલ હોય ત્યારે આવી ઇનવર્ડ સપ્લાય એટલે કે, કાચો માલ/તૈયાર માલ, ઇનપુટ સેવાઓ અને કેપીટલ ગુડ્ઝ પર નોંધાયેલ વ્યક્તિએ ભરેલ સેન્ટ્રલ ટેક્ષ, સ્ટેટ ટેક્ષ અથવા ઇન્ટીગ્રેટેડ ટેક્ષ ની રકમ.

આ ઇનપુટ ટેક્ષમાં નીચેની બાબતોનો પણ સમાવેશ થાય છે.

1. આયાત કરેલ માલ ઉપર ચૂકવેલ ઇન્ટીગ્રેટેડ ટેક્ષ
2. કલમ ૯ (૩) અને ૯ (૪) મુજબ રીવર્સ ચાર્જ મિકેનિઝમ મુજબ ચૂકવેલ વેરો
3. ઇન્ટીગ્રેટેડ ટેક્ષ કાયદાની કલમ ૫ (૩) અને ૫ (૪) હેઠળ ચૂકવવાપાત્ર થતો વેરો

#### ૪.૧૨.૨ ઇનપુટ ટેક્ષની વેરાશાખ બાબત:

જ્યારે કોઇ નોંધાયેલ વેપારી ધંધાકીય હેતુ માટે કે ધંધાનાં વિકાસ અર્થે ઉપયોગમાં લીધેલ અથવા ઉપયોગ કરવા ધારેલ માલ (કેપીટલ ગુડ્ઝ સહિત) અને સેવાની સપ્લાય ઉપર કોઇ વેરો ચૂકવે ત્યારે આવા ચૂકવેલ કે ચૂકવવાપાત્ર વેરાની વેરાશાખ, અન્ય શરતો તથા પ્રતિબંધોને આધીન રહીને મેળવવા હકદાર છે.

## ૫. અન્ય મહત્વની કાયદાકીય જોગવાઇઓ :

### ૫.૧ TDS

| **TDS** ડીડક્ટ કરવા માટે જવાબદાર વ્યક્તિ | ડીડક્શનનો રેટ | પેમેન્ટ ડેટ | **TDS** સર્ટીફિકેટ આપવું | **TDS** સર્ટીફિકેટ ઇશ્યુ ના કરવા બાબતની લેટ ફી |
|---|---|---|---|---|
| ૧. સેન્ટ્રલ અથવા સ્ટેટ ગવર્નમેન્ટનું એસ્ટાબ્લીશમેન્ટ અથવા ડીપાર્ટમેન્ટ<br><br>૨. લોકલ ઓથોરિટી<br><br>૩. ગવર્નમેન્ટલ એજન્સી<br><br>૪. નોટીફાઇ કરવામાં આવે તેવા પર્સન અથવા ક્લાસ ઓફ પર્સન | જો કોન્ટ્રાક્ટ હેઠળનાં ટોટલ વેલ્યુ ૨.૫ લાખ કરતાં વધારે હોય, તો સપ્લાયરને આપેલ પેમેન્ટ અથવા તેને કરેલા ક્રેડીટનાં ૧% | જે મહિનામાં ડીડક્શન થયું હોય તેનાં અંત પછીનાં ૧૦ દિવસની અંદર | ડીડક્ટર દ્વારા **TDS** નું પેમેન્ટ કર્યાનાં ૫ દિવસની અંદર | રૂ.૧૦૦ **per day** પરંતુ મેક્સિમમ રૂ. ૫૦૦૦/- |
| (૧) **TDS** ની પ્રોવિઝન જો કોન્ટ્રાક્ટ હેઠળનાં સપ્લાયની ટોટલ વેલ્યુ ૨.૫ લાખ કરતાં વધારે હોય તો જ લાગુ પડશે અને જેનાં પેમેન્ટમાંથી આવી રકમ કપાઇ હશે તેવી વ્યક્તિને તેનાં ઇલેક્ટ્રોનિક કેશ લેજરમાં આવા ડીડક્ટ થયેલાં **TDS**ની | | | | |

ક્રેડીટ મળશે.

(૨) ઉપરનાં પ્રોવિઝન હાલ પુરતાં જ્યાં સુધી નોટીફાય કરવામાં ના આવે ત્યાં સુધી પોસ્ટપોન (ડીલે) કરવામાં આવેલ છે.

### ૫.૨ ગુડ્ઝ એન્ડ સર્વિસીઝ ટેક્સ હેઠળ રીફંડ:

રીફંડની જોગવાઇ મોડેલ જી.એસ.ટી. કાયદાની કલમ ૫૪માં કરવામાં આવી છે. “રીફંડ”માં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

(અ) ઇલેક્ટ્રોનિક કેશ લેઝરમાં જમા રકમ કે જેનો દાવો પત્રકમાં કરેલ હોય

(બ) શૂન્ય દરની સપ્લાયને અનુસંધાને અથવા તો જે સપ્લાયમાં વેરાનો દર તે સપ્લાયના ઇનપુટના વેરાના દર કરતાં ઓછો હોય તેવા સંજોગોમાં જમા રહેતી વણ વપરાયેલી વેરાશાખ.

(ક) સંયુક્ત રાષ્ટ્રસંઘની ખાસ સંસ્થાઓ અથવા કોઇપણ બહુપક્ષીય નાણાકીય સંસ્થા અને સંયુક્ત રાષ્ટ્રસંઘ (વિશેષાધિકાર અને હિતની રક્ષા) સંયુક્ત રાષ્ટ્રસંઘ કાયદા ૧૯૪૭ હેઠળ જાહેર કરેલ સંસ્થા, વિદેશી દૂતાવાસની કચેરી દ્વારા ખરીદી સમયે ચુકવેલ વેરો.

#### ૫.૨.૧ રીફંડ મંજૂરીનો સમયગાળો:

રીફંડની ચુકવણી અરજી મળ્યાનાં ૬૦ દિવસમાં કરવાની રહેશે. જો રિફંડનું ચુકવણું ૬૦ દિવસની મુદતની અંદર ન થાય તો સૂચિત દરે વ્યાજ ચૂકવવું પડશે.

#### ૫.૨.૨ કામચલાઉ રીફંડની જોગવાઈ:

જી.એસ.ટી. કાયદાની કલમ ૫૪ (૬) મુજબ, નોંધાયેલ વ્યક્તિઓને શુન્ય દરનાં એટલે કે નિકાસ અને સેઝ (Special Economic Zone) ને વ્યવહારોનાં સંદર્ભમાં

દાવો કરવામાં આવેલી રકમનાં ૯૦% જેટલી રકમ કામચલાઉ રિફંડને પાત્ર છે. રીફંડના દાવાની સ્વીકૃતિની તારીખથી ૭ દિવસની અંદર કામચલાઉ રિફંડ આપવાનું રહેશે.

## ૫.૩ ગૂડઝ એન્ડ સર્વિસ ટેક્સ હેઠળ અપીલ અને એડવાન્સ રૂલીંગ:

### ૫.૩.૧ અપીલ :

કોઈ પણ વ્યક્તિ મોડેલ જી.એસ.ટી. કાયદા હેઠળ મળેલ આદેશ/નિર્ણયથી નાખુશ (Aggrieved) હોય તો, તેને આવા આદેશ/નિર્ણય સામે કલમ ૧૦૭ હેઠળ અપીલ કરવાનો અધિકાર છે. વધુમાં, અપીલ અધિકારીએ કરેલ આદેશ કે નિર્ણયની સામે કલમ ૧૧૨ હેઠળ એપેલેટ ટ્રિબ્યુનલમાં અપીલ કરવાનો અધિકાર છે. સામાન્ય આવા આદેશ/નિર્ણયની બજવણી પછી ત્રણ માસમાં અપીલ થઇ શકે છે.

દરેક અપીલ સાથે અપીલ કરનાર વ્યક્તિએ પ્રથમ અને દ્વિતીય અપીલ વખતે વેરાની વિવાદીત રકમનું ઠરાવેલ રકમનું ડાઉન પેમેન્ટ કર્યેથી બાકી રહેલ રકમની વસુલાત સામે સ્ટે માની લેવામાં આવશે.

### ૫.૩.૨ એડવાન્સ રૂલીંગ:

એડવાન્સ રૂલીંગ એટલે અરજદાર દ્વારા કરવામાં આવેલ અથવા કરવા ધારેલ માલ કે સેવાઓના વ્યવહારો સંદર્ભે મોડેલ જી.એસ.ટી. કાયદાની કલમ ૯૭ (૨) અથવા ૧૦૦ (૧)માં દર્શાવેલ પ્રશ્નો અથવા બાબતો ઉપર એડવાન્સ રૂલીંગ ઓથોરીટી અથવા એડવાન્સ રૂલીંગ એપેલેટ ઓથોરીટી દ્વારા અપાયેલ નિર્ણય.

નીચેના પ્રશ્નો માટે એડવાન્સ રૂલીંગ માંગી શકાશે.

1. કોઈ પણ માલ અથવા સેવાઓ અથવા બંનેનું વર્ગીકરણ;

2. જી.એસ.ટી. કાયદાની જોગવાઈઓ હેઠળ જારી કરાયેલી જાહેરનામાની પ્રયોજ્યતા;
3. માલ અથવા સેવાઓ અથવા બન્નેના સપ્લાયનાં સમય અને મૂલ્યનું નિર્ધારણ;
4. ભરેલ વેરો અથવા ભરવાપાત્ર વેરાની ઇનપુટ ટેક્સ ક્રેડિટની સ્વીકૃતિ;
5. કાયદા હેઠળ કોઈપણ માલ અથવા સેવાઓ પર કર ચૂકવવાની જવાબદારીનું નિર્ધારણ;
6. અરજદારને એક્ટ હેઠળ રજીસ્ટર કરવાની જરૂરીયાત;
7. કોઇ માલ અથવા સેવા અથવા બન્નેના અનુસંધાને અરજદાર દ્વારા કરવામાં આવેલી કોઇપણ પ્રવૃત્તિ માલ કે સેવાના પુરવઠામાં પરિણમે છે કે કેમ તે બાબત.

### ૫.૩.૩ એડવાન્સ રૂલીંગ લાગું પડવા બાબત:

એડવાન્સ રૂલીંગ ઓથોરીટી અથવા એડવાન્સ રૂલીંગ એપેલેટ ઓથોરીટી દ્વારા જાહેર કરાયેલ એડવાન્સ રૂલીંગ ફક્ત નીચેનાઓને લાગુ પડશે.

(અ) એડવાન્સ રૂલીંગ માંગનાર અરજદાર

(બ) અરજદાર જે ક્ષેત્રાધિકારમાં આવેલ હોય તે ક્ષેત્રાધિકારના સંબંધિત અધિકારી

ઉપર બતાવેલ એડવાન્સ રૂલીંગ જ્યાં સુધી કાયદો હકીકતો અથવા તો સંજોગો જે મૂળ એડવાન્સ રૂલીંગ સાથે જોડાયેલા હોય તે બદલે નહીં ત્યાં સુધી અમલમાં રહેશે.

## એડવાન્સ રુલીંગ અને ડિટરમિનેશન વચ્ચેનો તફાવત

| એડવાન્સ રુલીંગ | ડિટરમિનેશન |
|---|---|
| ધંધાકીય વ્યવહાર થયો હોય તે પહેલા મેળવવા અરજી કરી શકાય છે. | ધંધાકીય વ્યવહાર થયા બાદ બીલ સાથે અરજી કરવાની રહે છે. |
| વેટમાં આવી જોગવાઇ ન હતી. | GST માં આવી જોગવાઇ નથી. |
| કામચલાઉ આકારણી: GST હેઠળ VAT ની સરખામણીએ આનો જુદો અર્થ થાય છે. જ્યારે કોઇ કરદાતા પોતે વેરાના દર, માલની કે સેવાઓની વેરાપાત્ર કિંમત નક્કી ન કરી શકે ત્યારે Proper Officer ને લેખિતમાં વિનંતિ કરીને કામચલાઉ આકારણી કરાવી શકશે. | વેટમાં આવી જોગવાઇ ન હતી. |

### ૫.૪ ગુડ્ઝ એન્ડ સર્વિસીઝ ટેક્સ હેઠળ ટ્રાન્ઝીશનલ જોગવાઈ:

### ૫.૪.૧ હાલ નોંધાયેલ વેપારીઓનું GST માં સ્થળાંતર (Migration):

જે વેપારીઓ હાલ વેટ કાયદા અન્વયે નોંધાયેલ છે અને આવક વેરા કાયદા અન્વયે PAN ધરાવે છે, તેવા તમામ વેપારીઓનું જી.એસ.ટી.માં આપોઆપ (deemed) સ્થળાંતર થશે. નોંધણી નંબર લેવા બાબતે તેઓએ નવેસરથી અરજી કરવાની જરૂરીયાત રહેશે નહીં. તેઓને શરૂઆતમાં કામચલાઉ નોંધણી નંબર આપવામાં આવશે. ત્યારબાદ જરૂરી વિગતો પૂરી પાડવાથી કાયમી નોંધણી નંબર આપવામાં આવશે. જો આવા વેપારીઓ જી.એસ.ટી.માં નોંધણી નંબર મેળવવા જવાબદાર નથી તેવી અરજી કરશે તો, તેનો કામચલાઉ નોંધણી નંબર શરૂઆતથી જ રદ થયેલ ગણાશે.

### ૫.૪.૨ હાલનાં નોંધાયેલ વેપારીઓની વણવપરાયેલ વેરાશાખ બાબત:

### (કલમ ૧૪૦ તથા નિયમો ૧૧૭ થી ૧૨૦)

વેપારીશ્રીએ કરેલ આંતર-રાજ્ય વ્યવહારો ના છેલ્લા એક વર્ષના તમામ CST ફોર્મ (C, F કે H) રજૂ કરવાના રહેશે.

છેલ્લા છ મહિનાના એટલે કે તા.૦૧-૦૧-૨૦૧૭ થી તા.૩૦-૦૬-૨૦૧૭ સુધીના પત્રક-ચલન કસૂરદાર ન રહેવું.

જો હાલ ઉચ્ચકવેરાનો લાભ મેળવતા હોય અને જી.એસ.ટી.માં ઉચ્ચકવેરાનો લાભ ન મેળવવા માંગે તો તેવા વેપારીઓને બંધ સ્ટોકની વેરાશાખ મળી શકશે.

## ૬.૦ ક્રોસ-એમ્પાવરમેન્ટ

જી.એસ.ટી. કાઉન્સિલમાં નક્કિ થયા મુજબ જી.એસ.ટી. માં હવે માત્ર ૫% કેસોની જ ઓડિટ-આકારણી થશે. હાલ કેન્દ્ર અને રાજ્યો વચ્ચે થયેલ પ્રાથમિક સમજુતી મુજબ રૂપિયા ૧.૫૦ કરોડથી નીચેનું ટર્નઓવર ધરાવતાં કરદાતાઓ પૈકી ૯૦% રાજ્ય હસ્તક અને બાકીના ૧૦% કેન્દ્ર હસ્તક આવશે. જો કરદાતાનું ટર્નઓવર રૂપિયા ૧.૫૦ કરોડથી વધુ હશે તો બંને વચ્ચે સરખે ભાગે વહેચણી થશે. જો કોઈ કેસની ફાળવણી રાજ્યનાં સત્તાધિકારીને થયેલ હશે તો આ અધિકારીએ બંન્ને કાયદાની (સેન્ટ્રલ ટેક્ષ અને સ્ટેટ ટેક્ષની) સંયુક્ત આકારણી કરવાની રહેશે. આમ, કરદાતાએ ટેક્ષ કમ્પ્લાયન્સની કામગીરી માટે બે સત્તાધિકારી પાસે જવાનું રહેશે નહીં. નવા રજીસ્ટ્રેશન બાબતે કામગીરીની વહેચણીનો નિર્ણય હવે પછી લેવામાં આવશે. અલબત આ બાબતનાં વિગતવાર નિયમો હવે પછી બનશે.

## ૭.૦ જી.એસ.પી. (જી.એસ.ટી.–સુવિધા પ્રોવાઈડર)ની વ્યવસ્થા:

જી.એસ.ટી.–સુવિધા પ્રોવાઈડર કરદાતાઓને જી.એસ.ટી. સિસ્ટમને એક્સેસ કરવા તેમજ તમામ જી.એસ.ટી. કમ્પ્લાયંસ પ્રવૃત્તિઓ માટે જરૂરી સગવડો પુરી પાડશે. અલગ-અલગ પ્રકારનાં કરદાતાઓ જેવા કે – મધ્યમ વ્યવસાયીકો

(એસ.એમ.ઈ.), મોટા એન્ટરપ્રાઇઝ, માઇક્રો એન્ટરપ્રાઇઝ વગેરે કે જે GST સુસંગત ફોર્મેટમાં તેમની ખરીદી/વેચાણની નોંધણી ડેટા, જી.એસ.ટી. સિસ્ટમ સાથે તેમના એકાઉન્ટિંગ પેકેજ/ઇઆરપી (ERP) નાં એકત્રીકરણ જેવી વિવિધ સવલતોની પુરી પાડશે.

વિવિધ પ્રકારનાં ડેશબોર્ડ્ઝ, વેરાશાખનાં મેચ અને મિસ-મેચનાં દાવાઓ, ટેક્સ જવાબદારી, ફાઇલિંગ સ્થિતિ વગેરે જોવા માટે જરૂરી છે. ઈન્વોઈસ ફાઇલિંગ માટે મોટા સંસ્થાઓને જી.એસ.ટી. સિસ્ટમ સાથે ક્રિયા-પ્રતિક્રિયા કરવાની સ્વયંસંચાલિત રીતની જરૂર પડી શકે છે. કારણ કે વેબ પોર્ટલ મારફતે મોટી સંખ્યામાં ઇન્વૉઇસ અપલોડ કરવા તે તેમના માટે વ્યવહારીક રીતે અશક્ય છે. તેથી આવી સવલતો સુવિધા પ્રોવાઈડર કરદાતાઓને પુરી પાડશે.

આ સુવિધાઓ થર્ડ-પાર્ટીની એપ્લિકેશન્સનો ઉપયોગ કરવા કરદાતાઓને વિકલ્પો પણ આપશે. આ સગવડો જી.એસ.ટી. સુસંગત હોવાથી તે કરદાતાઓને ડેસ્કટોપ / મોબાઇલ પર પણ વિવિધ પ્રકારે ઇન્ટરફેસથી પૂરી પાડવામાં આવશે.

## ૮.૦ ટેક્સ રીટર્ન પ્રિપેરર (TRP):

કરપાત્ર વ્યક્તિ પોતાની રજીસ્ટ્રેશનની અરજી/રીટર્ન પોતાની જાતે બનાવી શકે અથવા TRP ની સહાય મેળવી શકાશે. કરપાત્ર વ્યક્તિ દ્વારા TRP ને પૂરી પડાયેલી માહિતી ઉપરથી TRP દ્વારા નોંધણી દસ્તાવેજ/પત્રક બનાવાશે. TRP દ્વારા તૈયાર કરાયેલા ફોર્મ્સમાં દર્શાવેલી માહિતીની સત્યતાની કાનૂની જવાબદારી માત્ર કરદાતા વ્યક્તિની જ રહેશે, અને કોઈપણ ભૂલ અથવા અસત્ય માહિતી માટે TRP જવાબદાર રહેશે નહિ. TRP ના રજિસ્ટ્રેશનની જોગવાઇ છે.

## ૯.૦ સુવિધા (સેવા) કેન્દ્રો / ફેસીલીટેશન સેન્ટરો:

સુવિધા કેન્દ્ર/ફેસીલીટેશન સેન્ટર કરદાતા દ્વારા અપાયેલ અને અધિકૃત વ્યક્તિ દ્વારા સહી કરેલ પત્રકો અને દસ્તાવેજોને ડીજીટલાઇઝ/અપલોડીંગ કરવામાં મદદરૂપ થશે. ફેસીલીટેશન સેન્ટરનાં user id અને password ની મદદથી કોમન પોર્ટલ ઉપર માહિતી અપલોડ થશે. ગુજરાતમાં ઓફિસ બિલ્ડીંગ વાઇઝ ૬૦ સેવા કેન્દ્રો શરૂ કરવાનું આયોજન છે.

---------------